# સુર્ય આથમવાની રાહ ન જોવી પડે !
# – તેવું ગુજરાત

– સોનલ પંડ્યા

વર્ષ 1985-86ના સમયગાળા દરમીયાન ભાવનગર જીલ્લાના સણોસરા ગામની સરકારી શાળામાં આ લખનારનો અભ્યાસ ચાલતો હતો. પ્રીય સખી યાસ્મીન બે દીવસ શાળામાં ન આવતાં ખબર પુછવા સણોસરાની સાંકડી શેરીમાં આવેલા યાસ્મીનના ઘરે પહોંચી જવાનું નક્કી કર્યું. યાસ્મીનને ભારે ઝાડા થયા હતા, તેની બા અને બહેનો યાસ્મીનની બીમારીથી પરેશાન થઈ ગયાં હતાં; કારણ કે ગામનાં બહેનોને શૌચાલય જવાનો વરંડો તેના ઘરથી દોઢ કીલોમીટર દુર હતો. યાસ્મીનની બાએ રડમસ અવાજે કહ્યું, ‘આ જુવાન છોકરીઓને હાથમાં ડબલાં પકડીને ગામ વચ્ચે નીકળવામાં શરમ આવે છે !’ તેમના અવાજમાં ઝાડા થયાના દર્દ કરતાં ઝાડે જવાના સ્થળ પર પહોંચવાનું દરદ વધારે પડઘાતું હતું. જાજરુ જવાનો એ વરંડો ચોમાસામાં કેવી ગંદકીથી ખદબદે છે તેનું વર્ણન યાસ્મીન પાસેથી સાંભળેલું જ યાદ આવી જાય છે તો આજે પણ કમકમાટી છુટે છે.

આ ઘટનાનાં બાવીસ વરસ બાદ વર્ષ 2008માં ‘ધ ન્યુયૉર્ક ટાઈમ્સ’ના પત્રકાર મીત્ર માઈકલને લઈને ગુજરાતના ગ્રામીણ વીસ્તારોમાં જવાનું થયું. માઈકલે ઢળતી સાંજે હાથમાં ડબલાં લઈને નીકળતી સ્ત્રીઓ વીશે ઢગલાબંધ પ્રશ્નો મને પુછી નાખ્યા. ગુજરાતના વીકાસની અવનવી વાતો ચાલતી હતી તેની વચ્ચે માઈકલના પ્રશ્નોએ અમારી બોલતી બંધ કરી દીધી ! માઈકલને એ સમજાવવું મુશ્કેલ બન્યું કે, ‘સુર્ય અસ્ત થાય ત્યારે ગુજરાતનાં અનેક ગામોની બહેનોને શૌચાલય જવા મળશે તેવી આશાનો ઉદય થાય છે !’ (માઈકલને કદાચ થયું હશે કે અહીં ખાવાના પ્રશ્નો પણ છે અને ‘જવાના’ પ્રશ્નો પણ છે !)

આજે પણ ગુજરાતનાં ગામો કે શહેરોમાં ભીંત પાસે પેશાબ કરવા ઉભેલા અનેક પુરુષોને જોઈએ ત્યારે એક સવાલ મનમાં હમેશાં થાય કે, ‘સ્ત્રીઓ ઘરની બહાર નીકળે ત્યારે પેશાબ કરવા ક્યાં જતી હશે?’ સ્ત્રીઓની સરખામણીએ પુરુષો મોટી સંખ્યામાં બહાર નીકળતા હશે કે પછી સ્ત્રીઓની માફક જ તેમના શરીરનાં મળ–મુત્રને અનીવાર્ય સંજોગોમાં પણ બહાર નીકળવાની પરવાનગી આ સમાજ નહીં આપતો હોય ?

એક ગામમાં આઠ–દસ મહીલાઓ એક સાથે શૌચાલય જવા નીકળી. આ દૃશ્ય જોઈ એક મીત્રે કહ્યું, ‘આ બહેનોને માટે શૌચક્રીયા એ વાતોના આદાન–પ્રદાનનો સમયગાળો હોય છે. આથી જ સસ્તા જાજરુ ઘરમાં બની શકે તેમ હોય તો પણ તેઓ બહાર જવાનું પસંદ કરે છે.’ – મનોમન સવાલ થયો, આ તે કેવો સમાજ કે ભાઈઓને માટે વાતો કરવા ચોરો,

બાંકડા અને બસસ્ટેન્ડ ! અને બહેનોને એક–બીજાને મળવા માટે શૌચાલયનાં ડબલાં અને રાત્રીનો અંધકાર !

ઉત્તર ગુજરાતના મહેસાણા જીલ્લાના ફીંચડી ગામમાં રાત્રે રોડના કાંઠે બહેનો કતારબંધ રીતે શૌચક્રીયા અર્થે બેઠી હતી. રસ્તે નીકળતાં વાહનોની લાઈટ તેમના જીવનમાં પ્રકાશ નહીં; જાણે અંધકાર લઈને આવતી હતી ! નાનપણમાં ગાયેલી પેલી પ્રાર્થના–

*'હે પ્રભુ !*

*અંધકારમાંથી મને પ્રકાશ તરફ લઈ જા.'*

તે દીવસે–તે સ્થળે મને તે સૌથી અપ્રસ્તુત લાગી. ઘેરદાર ચણીયા વડે તે સ્ત્રીઓ શરીરને સંકોરવા કોશીશ કરતી હતી. 'વાયબ્રન્ટ ગુજરાત'ના પોસ્ટરમાં ઘાઘરો ઘુમાવતી શહેરની યુવતીઓને ક્યાંથી ખબર હોય કે શીયાળાની રાતે શૌચાલય જવા 'થરથરવું' અને નવરાત્રીમાં 'થનગનવું' આ બન્ને વચ્ચે બહુ મોટો ફરક છે. ઈલા અરુણના સ્વરમાં ગવાયેલું 'દીલ્હી શહેરમાં મારો ઘાઘરો જો ઘુમ્યો...'ના મધુર ફોકલોરનું ગ્લેમર કચ્છ જીલ્લાના સુમરી ગામનાં અમરીબહેનનો ઘાઘરો ઘુમે એમાં નથી ! અમરીબહેન જેવી અનેક બહેનોનો ઘાઘરો તો અંધકારને ચીરતો કોઈ પ્રકાશ તેના શરીર સુધી નહીં પહોંચે તે માટે ઘુમે છે !

કેટલીકવાર પહેલી નજરે અન્ય રાજ્યોમાંથી આવતા લોકોને ગુજરાત શાંત અને અહીંસક હોય તેમ લાગે; પરંતુ સુક્ષ્મ હીંસાના આવાં તો અનેક સ્વરુપો ગુજરાતના સમાજજીવનમાં જોવા મળે છે. આવી ઠંડે કલેજે થતી હીંસાનો ભોગ બનનારમાં સ્ત્રીઓ મોખરે છે. ત્યાર પછીના ક્રમે દલીતો, આદીવાસીઓ અને લઘુમતીને મુકી શકાય. ગુજરાતનો ભદ્ર કહેવાતો સમાજ, સમાજના આ પ્રશ્નો અંગે કેટલો સંવેદનશીલ છે ? ગુજરાતમાં થતાં તોફાનોની તરાહ જોતાં હવે એવું લાગે છે કે અમદાવદ સહીતનાં શહેરોમાં અમુક વીસ્તાર 'સંવેદનશીલ' છે. પરંતુ માણસોની 'સંવેદનશીલતા'નું શું ? – તેની ખબર નથી પડતી.

સ્વર્ણીમ ગુજરાત નીમીત્તે ચાલતા વીવીધ પ્રચાર–પ્રસારને પગલે ગુજરાતમાં વર્ષ 1960 પછીથી આવેલાં પરીવર્તનોનું વીહંગાવલોકન કરવાની કવાયત અનેક ક્ષેત્રોમાં શરુ થઈ છે. 1960માં મે મહીનાની પહેલી તારીખે મહાગુજરાત ચળવળની ફળશ્રુતીરુપે અને અલગ ઓળખ સાથે ગુજરાત રાજ્યને સ્વીકૃતી મળી તે આનંદની વાત છે. પરંતુ ગુજરાતની અસ્મીતાને માત્ર આ તારીખોમાં બાંધીને જોઈ–મુલવી ન શકાય. કોઈ બાળકનું નામ કોઈ કારણસર દસ વર્ષની ઉંમરે પાડવામાં આવે તો તેની ઉમર તે દીવસથી શરુ થતી નથી !

ખેર, આ નીમીત્તે પણ જો ગુજરાતના સર્વાંગી વીકાસની દીશામાં સંશોધન–ચીન્તન થાય તો એમાં કશું ખોટું નથી. એ મીષે પણ તપાસીએ કે અલગ ગુજરાત રાજ્યની કલ્પના સાકાર થયા પછીથી આપણી કલ્પના મુજબનું ગુજરાત છે કે કેમ ? – તે તપાસવા–ચકાસવા સરકારી તંત્ર સહીત અનેક ક્ષેત્રના લોકો સાબદા બન્યા છે. એમાં જોડાતાં મને, 'મારા સ્વપ્નનું સ્વર્ણીમ ગુજરાત', ધોરણ આઠની વાર્ષીક પરીક્ષાના નીબંધોમાં પુછાયેલો કોઈ પ્રશ્ન હોય તેવું લાગે છે. આમ પણ સ્વપ્નનું કદ નક્કી કરવાનું કામ અઘરું છે. સ્વપ્નના કદની વાત કરીએ ત્યારે જયા મહેતાની પેલી કવીતા યાદ આવે –

*એક ગરીબ માણસ,*
*એને સપનું આવ્યું !*
*સપનામાં તેણે જોયું*
*કે*
*તેનું બાળક આજે પેટ ભરીને જમ્યું !!*

જો કે ગુજરાતની પ્રજા વ્યાપારી પ્રજા તરીકે ઓળખાય છે. તે સ્વીકારીને ચાલીએ તો, સ્વપ્ન ગમે તેવું જોવામાં કોઈ ખર્ચ થતો નથી ! માટે જ ગુજરાતમાં પરીવર્તન ઝંખતા આ એક મુદ્દાની વાત જરા માંડીને કરી છે.

સ્વર્ણીમ ગુજરાતની મારી કલ્પનામાં તો પાયખાનાંનો સવાલ જ મને પાયાનો સવાલ લાગે છે. રાજ્યનો દરેક નાગરીક શાંતીથી ને ઈચ્છા થાય ત્યારે શૌચક્રીયાએ જઈ શકે તેવા અધીકાર માટેની લડત ચલાવવાની જરુર છે. વર્ષ 2001ના યુનીસેફના સર્વેક્ષણ પ્રમાણે ગ્રામીણ ગુજરાતમાં માત્ર 21 ટકા લોકો જ શૌચાલયનો ઉપયોગ કરે છે ! 'એકવીસમી સદી'માં પણ માત્ર '21 ટકા' ગ્રામજનો માટે જ શૌચાલયો સુલભ છે તે ખરેખર શરમજનક બાબત છે. મહીલાઓના અનેક પ્રશ્નો લઈને કામ કરવાની જરુર છે જ; પરંતુ મહીલાઓના શૌચાલયનો મુદ્દો વધુ ઉપેક્ષીત છે અને તેથી જ આ પ્રશ્નની સામુહીક ચીંતા અપેક્ષીત છે. 'નીર્મળ ગુજરાત'ના નારામાં સ્વચ્છતાની સાથે સ્વમાનનો ખ્યાલ પણ જળવાઈ રહે તે આવશ્યક છે.

મહીલાઓના આરોગ્યના પ્રશ્નો પણ આ મુદ્દા સાથે સંકળાયેલા છે. ગુજરાતને વીકસીત રાજ્ય બનાવવા માટે *સમૃદ્ધ દેવાલયો કરતાં સ્વચ્છ શૌચાલયો*ની જરુર વધારે હોય તેમ જણાય છે.

*પાઘડીનો વળ છેડે, પણ;*

*પાઘડી નીચે માથું,*

*ક્યાંય ન જડે !*

સુરેન્દ્રનગર જીલ્લાના થોળીયારી ગામે પચીસ વરસની રથી, સુરજ સામે જોઈને તેને જલદી આથમી જવાની આજીજી કરે છે...

ગુજરાતની સ્ત્રીઓને જરુર છે એવી સવારની જ્યાં સુર્ય આથમવાની રાહ ન જોવી પડે !

– સોનલ પંડ્યા

*(અધ્યક્ષ, પત્રકારત્વ અને સમુહપ્રત્યાયન વીભાગ, ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદ)*

સંપર્કઃ 1– લૅક્ચરર્સ રો હાઉસ, ગુજ. યુની. લેડીઝ હૉસ્ટેલ સામે, ગુજ. યુની.કૅમ્પસ, નવરંગપુરા, અમદાવાદ–380 009 ફોન–079- 2630 9368

*(‘યુવા નજરેઃ સ્વર્ણીમ ગુજરાત’ –સંપાદકોઃ ડૉ. સુદર્શન આયંગર, ઈન્દુકુમાર જાની, દીગંત ઓઝા– પ્રકાશકઃ નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–380 001, મુલ્યઃરુપીયા-200.*

*ગુજરાત રાજ્યની ‘સુવર્ણ જયંતી’ નીમીત્તે પ્રગટ થયેલ આ પુસ્તકમાંથી ઉપરોક્ત લેખ સાભાર પ્રગટ કર્યો છે. આ પુસ્તકમાં ગુજરાત રાજ્યની સ્થાપના પછી જન્મેલી પેઢીના 33 લેખકો/લેખીકાઓના ભીન્ન ભીન્ન દૃષ્ટીએ લખાયેલા લેખો પ્રસીદ્ધ થયા છે.)*

તા.૧.૫.૨૦૦૯ના ‘નયા માર્ગ’ પાક્ષીકના અંકમાંથી આ સઘળું સાભાર..ઉત્તમ ગજ્જર

♦●♦

*(એક નોંધ–બારડોલીના પ્રા. રમણ પાઠકે ‘ગુજરાતમીત્ર’ની એમની ‘રમણભ્રમણ’ કટારમાં એક લેખ લખ્યો, ‘મંદીર નહીં; સંડાસ બાંધો’. મોરારીબાપુએ વાંચ્યો અને નક્કી કર્યું કે શાળા–હૉસ્પીટલો માટે કથાઓ થઈ, તેમ હવે એક કથા ‘સંડાસને નામ’ કરીએ. તે થઈ. બારડોલીમાં જ થઈ. એક કરોડ ઉપરનાં દાન મળ્યાં. સમીતી રચાઈ અને બારડોલી તાલુકાનાં બાર ગામોમાં તે સંડાસ આજે ગરીબ, દલીત અકીંચનવાસમાં સરસ સેવા આપે છે..ઉ.ગ..)*

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ ચોથું – અંકઃ 167** –June 07, 2009

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં **અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર** uttamgajjar@hotmail.com

♦●♦●♦●♦